1. સાતમી સદીમાં ઉત્તર ભારતમાં કયા બે મહાન રાજાઓ થઈ ગયા?

➢ સાતમી સદીમાં ઉત્તર ભારતમાં સમ્રાટ હર્ષવર્ધન અને દક્ષિણ ભારતમા પુલકેશી બીજો આ બે મહાન રાજાઓ થઈ ગયા.

2. 'વિક્રમાંકદેવચરિત' કોના જીવન પર આધારિત છે?

➢ 'વિક્રમાંકદેવચરિત' ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય છઠ્ઠીના જીવન પર આધારિત છે.

3. 'કન્નડ સાહિત્યમાં ત્રિરત્ન' કોને કહેવામાં આવે છે?

➢ કન્નડ સાહિત્યમાં કવિ પંપ, પોન્ના અને રન્નાને 'ત્રિરત્ન' કહેવામાં આવે છે.

4. પ્રસ્થાનત્રયી' કોને કહે છે?

➢ શંકરાચાર્યે રચેલાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને ગીતાને 'પ્રસ્થાનત્રયી' કહે છે.

5. હમ્પીના 'વિઠ્ઠલ મંદિર'ની વિશેષતા જણાવો.

➢ હમ્પીનું 'વિઠ્ઠલ મંદિર' વિજયનગર સામ્રાજયનો કલાનો ઉત્તમ નમુનો છે. અહીં મંદિરના સાત સ્તંભો છે; જેના પર ટકારો મારવાથી તબલાં, વીણા, વાંસળી કે સંગીતનો સાત સૂર ગમપધનીસા) જેવો સંગીતસત્રનો ધ્વનિ સંભળાય છે.

6. 'ગંગે કૌડ ચૌલપરમ' બંદરનો વિકાસ કોણે કર્યો હતો?

➢ ચોલવંશના રાજા રાજેન્દ્ર ચોલે 'ગંગે કોડ ચૌલપુર' બંદરને વસાવી તેનો વિકાસ ક્યોં હતો.

7. 'ધારાનગરી' શહેરનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?

➢ માળવાના પરમાર વંશના રાજા ભોજે પોતાની રાજધાની ધારાનગરી નામના શહેરનું નિર્માણ કરાવ્યું હતું.

8. હર્ષવર્ધન પછીના સમયમાં નિર્માણ પામેલા પ્રસિદ્ધ કિલ્લાઓ કયા છે ?

➢ હર્ષવર્ધન પછીના સમયમાં નિમણિ પામેલા પ્રસિદ્ધ કિલ્લાઓમાં પાટણના, ઝીંઝુવાડાના, ડભોઈના, જૂનાગઢના, ચિત્તોડના કિલ્લાઓનો સમાવેશ થાય છે.

9. હર્ષવર્ધન પછીના સમયમાં વેપાર-ઉદ્યોગનાં મોટાં કેન્દ્રો કયાં હતાં?

➢ હર્ષવર્ધન પછીના સમયમાં ઉત્તર ભારતમાં વારાણસી અને મથુરા તથા દક્ષિણ ભારતમાં મદુરાઈ અને અરિકામે; વેપાર-ઉદ્યોગના મોટા કેન્દ્રો હતાં.

10.હર્ષવર્ધન પછીના સમયમાં ગુજરાતમાં મોટાં વેપારીકેન્દ્રો ક્યાં હતાં?

- હર્ષવર્ધન પછીના સમયમાં ગુજરાતમાં વલભી, ભૃગુકચ્છ (ભરૂચ), દ્વારકા, પ્રભાસપાટણ, સ્તંભતીર્થ - સ્તંભભેર (ખંભાત) વગેરે મોટા વેપારી કેન્દ્રો હતાં.